UNITY PUBLICATION™

મૉડલ પ્રશ્નપત્ર ક્રમાંક

UNITY/CCE-A/P3/01

ગૌણ સેવા પસંદગી મંડળની નવી પરીક્ષા પદ્ધતિ મુજબ

સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા (CCE)
ગ્રુપ-A મુખ્ય પરીક્ષા

પ્રશ્નપત્ર-3 : સામાન્ય અભ્યાસ (વર્ણનાત્મક)

યુનિટી પેપરસેટ · મૉડલ પ્રશ્નપત્ર – 1

સમય : 3 કલાક | **કુલ પ્રશ્નો : 56** | **કુલ ગુણ : 150**

ઉમેદવારનું નામ : ..... તારીખ : .....

શરૂ કર્યાનો સમય : ..... મેળવેલ ગુણ : _____ / 150

ઉમેદવારો માટે સૂચનાઓ

1. આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગમાં કુલ 56 પ્રશ્નો છે. તમામ પ્રશ્નો ફરજિયાત છે.
2. દરેક પ્રશ્નના ગુણ પ્રશ્નની સામે જમણી બાજુ દર્શાવેલ છે.
3. ઉત્તર નીચે દર્શાવેલ શબ્દમર્યાદામાં જ લખો. શબ્દમર્યાદા કરતાં ઘણો લાંબો કે ટૂંકો ઉત્તર ગુણ ઘટાડી શકે છે.
4. જરૂર જણાય ત્યાં કોષ્ટક, ફ્લોચાર્ટ, આકૃતિ કે નકશો દોરી શકો છો.
5. ઉત્તર ગુજરાતી ભાષામાં, સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરે લખો.
6. ઘડિયાળ સામે રાખી 3 કલાકમાં આખું પ્રશ્નપત્ર લખો. ઉત્તરો "યુનિટી પેપરસેટ" પુસ્તકના આદર્શ ઉત્તર સાથે સરખાવી જાતે ગુણ આપો.

વિભાગ	પ્રશ્ન ક્રમ	પ્રશ્ન × ગુણ	શબ્દમર્યાદા	કુલ ગુણ
ક	1 – 10	10 × 1	10–20 શબ્દો	10
ખ	11 – 20	10 × 2	20–30 શબ્દો	20
ગ	21 – 50	30 × 3	30–50 શબ્દો	90
ઘ	51 – 56	6 × 5	આશરે 100 શબ્દો	30

આ યુનિટી પબ્લિકેશન દ્વારા તૈયાર કરાયેલું મહાવરા માટેનું મૉડલ પ્રશ્નપત્ર છે. તે ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પ્રકાશિત નથી.

TELEGRAM

નવાં પ્રશ્નપત્રો માટે અમારી ટેલિગ્રામ ચેનલમાં જોડાઓ

t.me/madhavdholakiya · www.unitypublication.org

ઉત્તર સહિત 25 પ્રશ્નપત્રો માટે: યુનિટી પેપરસેટ – CCE ગ્રુપ-A

WEBSITE

વિભાગ – ક : 1 ગુણના પ્રશ્નો

પ્રશ્ન 1–10 · ઉત્તર: 10–20 શબ્દો

પ્ર. 1 ધોળાવીરા ક્યાં આવેલું છે અને તેને યુનેસ્કો વિશ્વ ધરોહરનો દરજ્જો ક્યારે મળ્યો? **[1]**

પ્ર. 2 ગુજરાતના દરિયાકાંઠાની સંસ્કૃતિમાં ખારવા સમુદાયની ભૂમિકા ટૂંકમાં જણાવો. **[1]**

પ્ર. 3 સૌરાષ્ટ્રના ઉચ્ચપ્રદેશની રચના કયા પ્રકારના ખડકોથી થયેલી છે? **[1]**

પ્ર. 4 'ગ્રીન ટેકનોલોજી' એટલે શું? **[1]**

પ્ર. 5 ગુજરાત સરકારનું વર્ષ 2026-27નું અંદાજપત્ર કોણે રજૂ કર્યું અને તેનું કદ કેટલું છે? **[1]**

પ્ર. 6 16મા નાણાપંચના અધ્યક્ષ કોણ છે અને તેની ભલામણો કયા સમયગાળા માટે છે? **[1]**

પ્ર. 7 ભારતીય બંધારણ ક્યારે સ્વીકારવામાં આવ્યું અને ક્યારે અમલમાં આવ્યું? **[1]**

પ્ર. 8 ભારતમાં ‘સુશાસન દિવસ’ ક્યારે ઉજવવામાં આવે છે? **[1]**

પ્ર. 9 અમૂલ (કૈરા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ)ની સ્થાપના ક્યારે અને કોના નેતૃત્વમાં થઈ? **[1]**

પ્ર. 10 ભારતીય રિઝર્વ બેંક (RBI)ની સ્થાપના ક્યારે અને કયા કાયદા હેઠળ કરવામાં આવી? **[1]**

વિભાગ – ખ : 2 ગુણના પ્રશ્નો

પ્રશ્ન 11–20 · ઉત્તર: 20–30 શબ્દો

પ્ર. 11 ધોળાવીરામાંથી મળેલા 'સાઇનબોર્ડ' વિશે ટૂંકમાં જણાવો. **[2]**

પ્ર. 12 ભારતીય નૃત્યમાં 'તાંડવ' અને 'લાસ્ય' વચ્ચેનો તફાવત સમજાવો. **[2]**

પ્ર. 13 'સુજલામ સુફલામ જળ સંચય અભિયાન'ના મુખ્ય ઉદ્દેશો અને કામગીરી જણાવો. **[2]**

પ્ર. 14 ગુજરાત અંદાજપત્ર 2026-27ના મુખ્ય રાજકોષીય સૂચકાંકો જણાવો. **[2]**

પ્ર. 15 ચૅમ્પિયન્સ ટ્રોફી 2025માં ભારતની સિદ્ધિ જણાવો. **[2]**

પ્ર. 16 અનુચ્છેદ 18 હેઠળ ખિતાબોની નાબૂદી સમજાવો. ‘ભારત રત્ન’ જેવા પુરસ્કારો તેનો ભંગ કેમ નથી? **[2]**

પ્ર. 17 ‘POSDCORB’ દૃષ્ટિકોણ સમજાવો. **[2]**

પ્ર. 18 જાહેર સેવામાં સત્યવાદિતા શા માટે આવશ્યક છે? તેની અસરો સમજાવો. **[2]**

પ્ર. 19 ગુજરાતમાં સહકારી મંડળીઓના પ્રકારો જણાવો. **[2]**

પ્ર. 20 RBIના કેન્દ્રીય નિયામક મંડળની રચના જણાવો. **[2]**

વિભાગ – ગ : 3 ગુણના પ્રશ્નો

પ્રશ્ન 21–50 · ઉત્તર: 30–50 શબ્દો

પ્ર. 21 ધોળાવીરાની જળ વ્યવસ્થાપન પ્રણાલીની ટૂંકમાં સમીક્ષા કરો. **[3]**

પ્ર. 22	લોથલ હડપ્પીય હસ્તઉદ્યોગ અને વેપારનું કેન્દ્ર હતું – સમજાવો.	**[3]**
પ્ર. 23	હડપ્પા સંસ્કૃતિના પતનનાં કારણો અંગેના વિવિધ મતોની ચર્ચા કરો.	**[3]**
પ્ર. 24	હડપ્પીય મુદ્રાઓ (સીલ)નું ઐતિહાસિક મહત્ત્વ જણાવો.	**[3]**
પ્ર. 25	ભારતીય સંસ્કૃતિમાં 'સાંસ્કૃતિક સાતત્ય'નો અર્થ સ્પષ્ટ કરી તેનું એક ઉદાહરણ આપો.	**[3]**
પ્ર. 26	ગુજરાતના દરિયાકાંઠાએ અહીંની સામુદ્રિક સંસ્કૃતિના ઘડતરમાં કેવો ફાળો આપ્યો છે?	**[3]**
પ્ર. 27	ગુજરાતની કલા અને હસ્તકળા તેના સાંસ્કૃતિક વારસાનો મહત્ત્વપૂર્ણ ભાગ કેમ છે?	**[3]**
પ્ર. 28	ગુજરાતની લોકસંસ્કૃતિની ઉત્પત્તિ અને વિકાસની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ સમજાવો.	**[3]**
પ્ર. 29	ગુજરાતના ત્રણ મુખ્ય પ્રાકૃતિક વિભાગો જણાવી, તેમની ભૌગોલિક લાક્ષણિકતાઓ ટૂંકમાં વર્ણવો.	**[3]**
પ્ર. 30	ટકાઉ વિકાસ લક્ષ્યાંકો (SDGs) શું છે? ભારતમાં તે પ્રાપ્ત કરવામાં નીતિ આયોગની ભૂમિકા સ્પષ્ટ કરો.	**[3]**
પ્ર. 31	વસ્તી સંક્રમણ સિદ્ધાંતના બીજા તબક્કાને 'વસ્તી વિસ્ફોટનો તબક્કો' શા માટે કહે છે?	**[3]**
પ્ર. 32	આર્થિક ભૂગોળના સંદર્ભમાં 'પ્રાથમિક પ્રવૃત્તિઓ'ની વિભાવના સ્પષ્ટ કરી તેનું મહત્ત્વ જણાવો.	**[3]**
પ્ર. 33	વિજ્ઞાન, ટેકનોલોજી અને નવપ્રવર્તનનું સંકલન માનવ સ્વાસ્થ્યના સુધારામાં કેવી રીતે મદદરૂપ બને છે?	**[3]**
પ્ર. 34	આધુનિક ભારતના સામાજિક-આર્થિક વિકાસમાં માહિતી અને સંચાર ટેકનોલોજી (ICT)નું મહત્ત્વ સ્પષ્ટ કરો.	**[3]**
પ્ર. 35	ભારતનાં પ્રક્ષેપણ વાહનોના વિકાસક્રમનું ટૂંકમાં વર્ણન કરો.	**[3]**
પ્ર. 36	સાણંદના કેન્સ સેમિકૉન OSAT એકમની વિશેષતાઓ જણાવો.	**[3]**
પ્ર. 37	ઇમિગ્રેશન અને વિદેશીઓ અધિનિયમ, 2025ની મુખ્ય જોગવાઈઓ જણાવો.	**[3]**
પ્ર. 38	EOS-05 (GISAT-1A) ઉપગ્રહનું મહત્ત્વ જણાવો.	**[3]**
પ્ર. 39	મૂળભૂત અધિકારો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો વચ્ચેનો સંબંધ સમજાવો. શું માર્ગદર્શક સિદ્ધાંતોને મૂળભૂત અધિકારો પર પ્રાધાન્ય આપી શકાય?	**[3]**
પ્ર. 40	રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી વચ્ચે સત્તાઓનું વિભાજન સમજાવો.	**[3]**
પ્ર. 41	ભારતીય બંધારણમાં રાજ્યપાલના પદની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ શી છે? બંધારણ સભામાં આ પદ અંગે શી ચર્ચા થઈ હતી?	**[3]**
પ્ર. 42	મૂળભૂત ફરજોના ઉમેરણ પાછળનો ઉદ્દેશ શો હતો? કોઈ પણ પાંચ મૂળભૂત ફરજો જણાવો.	**[3]**
પ્ર. 43	લોક વહીવટના અભ્યાસના ‘સંકલિત’ અને ‘વ્યવસ્થાપકીય’ દૃષ્ટિકોણ વચ્ચેનો તફાવત સમજાવો.	**[3]**
પ્ર. 44	લોકશાહીમાં સિવિલ સેવા નીતિ-નિર્ધારણમાં કેવી ભૂમિકા ભજવે છે?	**[3]**
પ્ર. 45	સરકારી નીતિઓના અમલીકરણમાં ‘અમલીકરણ અંતર’ શું છે? તેનાં મુખ્ય કારણો જણાવો.	**[3]**
પ્ર. 46	વિકાસ પ્રક્રિયામાં યુવા સંગઠનો (જેમ કે NSS અને મેરા યુવા ભારત)ની ભૂમિકા સમજાવો.	**[3]**

પ્ર. 47 જાહેર સેવામાં નીતિશાસ્ત્રનો સાર સમજાવો. **[3]**

પ્ર. 48 ગુજરાતના અર્થતંત્રનું વિહંગાવલોકન આપો અને તેનાં મુખ્ય મજબૂત પાસાં જણાવો. **[3]**

પ્ર. 49 ભારતમાં આયોજન પ્રક્રિયાનો ઉદ્‌ભવ કેવી રીતે થયો અને પ્રથમ પંચવર્ષીય યોજનાના મુખ્ય લક્ષ્યાંકો કયા હતા? **[3]**

પ્ર. 50 ભારતમાં નાણાકીય અને બેંકિંગ ક્ષેત્રના નિયમનકારી માળખાની રચના સમજાવો. **[3]**

વિભાગ – ઘ : 5 ગુણના પ્રશ્નો

પ્રશ્ન 51–56 · ઉત્તર: આશરે 100 શબ્દો

પ્ર. 51 વકફ (સુધારા) અધિનિયમ, 2025ની મુખ્ય જોગવાઈઓ અને તે અંગેના વિવાદની ચર્ચા કરો. **[5]**

પ્ર. 52 ઑપરેશન સિંદૂર (મે 2025)ની પૃષ્ઠભૂમિ, ઘટનાક્રમ અને ભારતની આતંકવાદ વિરોધી નીતિ માટે તેનું મહત્ત્વ ચર્ચો. **[5]**

પ્ર. 53 સેમિકન્ડક્ટર ફેબ અને ATMP/OSAT વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરી ગુજરાતનાં સેમિકન્ડક્ટર એકમોની ચર્ચા કરો. **[5]**

પ્ર. 54 ભારતીય સમવાયી માળખામાં રાજ્યપાલના હોદ્દાનું બંધારણીય સ્થાન અને તેની બેવડી ભૂમિકા સ્પષ્ટ કરો. **[5]**

પ્ર. 55 સ્વતંત્ર ભારતમાં વહીવટી સુધારા માટેની ગોરવાલા સમિતિ (1951)ની ભલામણો સમજાવો. **[5]**

પ્ર. 56 તમે એક તાલુકામાં મામલતદાર તરીકે નવા હાજર થયા છો. વૃદ્ધ વિધવા શાંતાબેન પતિના અવસાન પછી છેલ્લા છ મહિનાથી જમીનની વારસાઈ નોંધ માટે કચેરીના ધક્કા ખાય છે. તેઓ રડતાં રડતાં જણાવે છે કે સંબંધિત તલાટી અને એક વચેટિયો નોંધ પાડવા માટે ₹25,000 માગે છે. તપાસ કરતાં તમને જાણવા મળે છે કે આવી ઘણી અરજીઓ કારણ વગર બાકી પડી છે. કચેરીના જૂના કર્મચારીઓ સલાહ આપે છે કે "સાહેબ, આ તો વર્ષોથી ચાલે છે, વધુ ઊંડા ઊતરશો તો કામ અટકી જશે." તલાટી સ્થાનિક રીતે પ્રભાવશાળી છે અને તેના સંબંધો ઉપર સુધી હોવાની વાત પણ થાય છે.
આ કિસ્સામાં કયા નૈતિક મુદ્દા સંકળાયેલા છે? તમારી પાસે કયા વિકલ્પો છે? તમે કયો નિર્ણય લેશો અને શા માટે? **[5]**

— પ્રશ્નપત્ર સમાપ્ત —

આ પ્રશ્નપત્રના **આદર્શ ઉત્તર**, હસ્તલિખિત **માસ્ટર પેપર** અને બીજાં 24 પ્રશ્નપત્રો
યુનિટી પેપરસેટ – CCE ગ્રુપ-A પુસ્તકમાં

પ્રિન્ટ પુસ્તક
QR સ્કેન કરી ઓર્ડર કરો

ઈ-બુક
QR સ્કેન કરી ખરીદો

www.unitypublication.org